# SUCCESS STORY

મિત્રો આપણી શાળામા સતત અને સર્વગ્રાહી મુલ્યાંકન માટે રચનાત્મક મુલ્યાંકન પત્રક ભરવાનું થતુ હોય છે. આ માટે દરેક શાળામા અલગ અલગ રીતોનો ઉપયોગ કરવામા આવતો હોય છે, પરંતુ આ તમામ તમામ રીતોમા મુલ્યાંકન માટે શિક્ષકોએ ઘણી તૈયારી અને મહેનત પણ કરવી પડતી હોય છે. મારી શાળામા આ પ્રકારના મુલ્યાંકન માટે મે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા આ કાર્યને એક્દમ સરળ અને ખુબ જ ઝડપી બનાવેલ છે. આ માટે આપણે વધારાના કોઇ કાર્યની જરુર પડતી નથી.

આ માટે મે **PLICKERS** નામની વેબસાઇટનો ઉપયોગ કરેલ છે.આ વેબસાઇટ પરથી એક વાર તમારે કાર્ડ ડાઉનલોડ કરવાના હોય છે અને તેની પ્રિંટ કાઢી તેનો વર્ગ ખંડમા ઉપયોગ કરવાનો હોય છે. આ વેબસાઇટમા અગાવ તમારે જે ક્લાસમા મુલ્યાંકન કરવાનુ હોય તે ક્લાસ અને  બાળકોના નામ તેમજ મુલ્યાંકન માટેના સવાલ ઉમેરવાના હોય છે. બસ આટલુ કર્યા બાદ તમે મુલ્યાંકન કરવા માટે તૈયાર છો.



પ્રોજેક્ટર દ્વારા એક પછી એક સવાલ રજુ કરવામા આવે છે અને બાળકોને નંબર મુજબ કાર્ડ આપીને તેમના જવાબ લેવામા આવે છે. બાળકો કાર્ડ દ્વારા પોતાનો જવાબ રજુ કરે છે અને આ તમામ કાર્ડને મોબાઇલ દ્વારા સ્કેન કરવામા આવે છે અને ઓનલાઇન તમામ જવાબો રેકોર્ડ થઇ જાય છે. ૪૦ કરતા પણ વધુ કાર્ડને સ્કેન કરતા એક મિનિટ કરતા પણ ઓછો સમય  લાગે છે અને આમ ઝડપથી આપ દરેક બાળકોનુ સચોટ મુલ્યાંકન કરી શકો છો. વળી આ મુલ્યાંકન તમે તમારા રેકોર્ડ માટે પ્રિંટ પણ કરી શકો છો અથવા ઓનલાઇન ગમે ત્યારે જોઇ શકો છો. આ માટે તમારે અલગથી કોઇ ઑનલાઇન સ્પેસ ની પણ જરુરીયાત રહેતી નથી.તો આ પધ્ધતી દ્વારા આપ આપના ક્લાસમા **REAL TIME E-ASSESMENT** કરી શકો છો અને ખુબ જ ઝડપથી ક્યા બાળકનો જવાબ સાચો છે અને ક્યા બાળકનો જવાબ ખોટો છે એ ક્લાસમા તમામ બાળકોની વચ્ચે રજુ કરી શકાય છે.

આ પધ્ધતીનો ઉપયોગ કેવી રીતે કરવો તે માટે આ વિડિયોમા તમામ માહિતિ આપવામા આવી છે.

વિડિયો લિંક  https://goo.gl/J38bhD

પ્રસ્તુત કર્તા – ચંદન રાઠોડ મદદનિશ શિક્ષક શ્રી મોવાણ પ્રા.શા. જિ.દેવ ભુમિ દ્વારકા